# ૮૦ વર્ષે એક નવી જીંદગીની આશા

જેમ જેમ આપણી ઉંમર વધતી જાય છે તેમ તેમ વધારે પ્રમાણમાં હૃદયના દર્દીમાં વધારો જોવા મળે છે. હૃદયની નળીઓમાં બ્લોક આવવા, વાલ્વ ખરાબ થવા અને ધબકારા અનિયમિત થવા જેવી અનેક બીમારીઓમાં વધારો જોવા મળે છે. ૭૦ થી ૯૦ વર્ષના દર્દીઓમાં આના સાથે અનેક બીજી પણ બીમારી સાથે હોય છે અને સાથે એમના શરીરનું મેટાબોલીસમ ધીમુ પડી ગયુ હોય છે. આવા દર્દીઓમાં ડાયાબીટીસ, મગજની તકલીફ, લકવા થવાની શક્યતા, ફેફસા નબળા પડવા, કીડની નબળી પડવી અને શરીરના સ્નાયુ નાજુક થવા જેવી અનેક બીજી વ્યાધીઓ હોય છે. માટે ઘણી વાર આવા દર્દીઓને ઓપરેશન કરતા પહેલા ડોક્ટરો અને કરાવતા પહેલા સ્વજનો દસ વખત વિચારતા હોય છે. પણ આજના જમાનામાં જ્યારે મેડીકલ સાઇન્સે નવી ઉંચાઇ પ્રાપ્ત કરી છે, ઉચ્ચ ટેકનોલોજી, ટીમ વર્ક અને સારી હોસ્પિટલનું ઇન્ફ્રાસ્ટ્રક્ચરને કારણે હૃદયની શલ્ય ચિકિત્સા હવે ૮૦ વર્ષે પણ થઇ શકે છે અને તે પણ ઓછામાં ઓછો જોખમ સાથે.



કેસ-૧



કેસ-૨



કેસ-૩

થોડા સમય પહેલા સીમ્સ હોસ્પિટલમાં એક સાથે ત્રણ આવા દર્દીઓના ઓપરેશન કરવામાં આવ્યા હતા.

- **કેસ-૧**, ઉંમર લગભગ ૮૦ વર્ષ, એલવીઇએફ, ૩૫ ટકા (નબળુ હાર્ટ પમ્પિંગ) ની સાથે વાલ્વમાં લીક હતું સાથે સાથે ઓછા પ્લેટલેટ કાઉન્ટ અને અનિયમિત ધબકારા. તેમની બાયપાસ સર્જરી સાથે વાલ્વ બદલવાનું ઓપરેશન કરવામાં આવ્યુ અને ૮ દિવસ પછી રજા આપવામાં આવી હતી.
- **કેસ-૨**, ઉંમર ૭૬ વર્ષ, ત્રણ નળીઓમાં બ્લોક, હૃદય ૩૦ ટકા જ કામ કરતું હતું અને સાથે વાલ્વમાં લીકેજ હતુ. એમને બાયપાસની સાથે વાલ્વ રીપેરીંગ કરવામાં આવ્યુ હતુ અને ઓપરેશન પછી ના સમયમાં કોઇપણ તકલીફ નથી થઇ અને સ્થિર હાલતમાં રજા આપવામાં આવી હતી.
- **કેસ-૩**, ઉંમર લગભગ ૮૨ વર્ષ, એલવીએફ ૨૫ થી ૩૦ ટકા સાથે ત્રણ નળીઓમાં બ્લોક, કીડની ઉપર સોજો, ફેફસામાં પાણી ભરાઇ ગયેલ. આ દર્દીને ૪-૫ દિવસ પહેલા ફેફસાના ડોક્ટર અને કિડનીના ડોક્ટરે દર્દીની સારવાર કરી એમને ઓપરેશન માટે ફીટ કર્યા. પછી એમની બાયપાસ સર્જરી કરવામાં આવી અને ૧૦ દિવસ પછી એમને રજા આપવામાં આવી હતી.

આ ત્રણેય દર્દીઓમાં ઓગસ્ટના પહેલા અઠવાડિયામાં ઓપરેશન કર્યુ હતુ. આ પ્રકારના કેસ સીમ્સ કાર્ડિયાક સર્જરી ટીમ દ્વારા રોજે રોજ કરવામાં આવે છે. બધુ મળીને દર્દીઓમાં હાર્ટ ફેલ્યોરનું પ્રમાણ લગભગ ૨૫-૩૦ ટકા છે અને ૭૦ થી ૮૦ વર્ષોના દર્દીઓમાં લગભગ ૧૦ થી ૧૫ ટકા છે. આ પ્રકારની મોટી ઉંમરના દર્દીઓનું ઓપરેશનનું પ્રમાણ ૧૦-૧૫ ટકા છે. સર્જિકલ અને એનેસ્થેશીયાની ટેકનીકમાં સુધારો, ઓપરેશન પહેલાનું મેનેજમેન્ટ, નવી દવાઓ, સારી હોસ્પિટલ ટીમ અને હોસ્પિટલના ઇન્ફ્રાસ્ટ્રક્ચરને કારણે ૭૦ થી ૮૦ વર્ષના લોકોમાં સર્જરીએ પરિણામો બદલ્યા છે અને એક નવી આશાનું કીરણ ઉગ્યું છે. આ ઓપરેશન કરવાનો આશય એ છે કે, દર્દીને ગુણવત્તા ભર્યુ જીવન આપવુ અને સ્વતંત્ર જીંદગી જીવવાની એક તક આપવી.




**સીમ્સ એક્સપ્રેસ** (તે જ દિવસે એપોઇન્ટમેન્ટ નવા દર્દીઓ/બીજા અભિપ્રાય માટે)

**+૯૧-૭૯-૩૦૧૦૧૦૦૮/૧૨૦૦, +૯૧-૯૮૨૫૦૬૬૬૬૧**

(સોમવાર થી શનિવાર - સવારે ૯ થી સાંજે ૫ કલાક સુધી) www.cims.me

CIMS

**સીમ્સ હોસ્પિટલ : શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ - ૩૮૦ ૦૬૦.**